JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
- TATA Durashine કલરકોટેડ પતરા
- TATA ગેલ્વેનાઇઝ્ડના પતરા
- JSW | મોરછાપ | Colouron+ પતરા
- JINDAL | સબરંગ તથા અન્ય બ્રાન્ડ
- ASIAN | APOLLO | NEZONE-MS | GI-PIPES
- સીમેન્ટ|પ્લાસ્ટીકના નાળવાળા|પ્લેન પતરા|સ્ક્રુ
- પોલીકાર્બોનેટ | PVC શીટ | રૂફીંગ એસેસરીઝ

દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ વદ સાતમ મંગળવાર ૭ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૧૭

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

# મહારાષ્ટ્રમાં ભારે વરસાદથી હાહાકાર



## મહાબળેશ્વરમાં પુલ તુટ્યોઃ કારોને ક્રેનથી બહાર કાઢવી પડી

**મહાબળેશ્વર, તા. 6 :** સતારા જિલ્લાના મહાબળેશ્વરમાં વેણ્ણા નદીનો પુલ તૂટી જવાથી કેટલીક કારો અધવચ્ચે ફસાઈ જતા ૧૦-૧૨ પ્રવાસીઓ સપડાઈ ગયા હતા. કારને ક્રેનની મદદથી બહાર કાઢવામાં આવી હતી અને પ્રવાસીઓને બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઉપરાંત મુંબઈ-પુણે રેલ રૂટ પર કરજત-લોનાવલાના ભોર ઘાટ સેક્શનમાં બે જગ્યાએ લેન્ડસ્લાઈડ (ભૂસ્ખલન) થયું છે. આનાથી ત્રણેય રેલવે લાઈનો પ્રભાવિત થઈ છે અને ૨૦ ટ્રેનો રદ કરવી પડી છે.

**પુણેના** માવલ વિસ્તારમાં ભેખડો ધસી પડતા એક મકાન દબાતા બેનાં મોત, અન્ય એક શખ્સ પાણીમાં તણાઇ ગયો

**મહારાષ્ટ્રમાં** છેલ્લા ચાર દિવસમાં વરસાદને લગતી ઘટનાઓમાં ૧૩નાં મોત

**મુંબઈ/પુણે, તા. 6 (PTI):** મુંબઈ-પુણે ક્ષેત્રમાં અવિરત વરસી રહેલા વરસાદને કારણે સર્જાયેલી વિવિધ દુર્ઘટનાઓમાં ત્રણ લોકોનાં મોત થયા છે. ભારે વરસાદના લીધે બે મહત્વના શહેરો વચ્ચેનો એક્સપ્રેસવે અને ટ્રેન સેવાઓ સહિતનું પરિવહન નેટવર્ક ખોરવાઈ ગયું હતું અને સોમવારે સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું.

રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ ગયા હતા, વૃક્ષો ધરાશાયી થયા હતા અને મુંબઈ-પુણે એક્સપ્રેસવેનો નવો ખુલ્લો મુકાયેલો 'મિસિંગ લિંક' વિભાગ તેની ચોમાસાની પહેલી જ પરીક્ષામાં નિષ્ફળ રહ્યો હતો, જ્યારે કે મહાનગર અને તેની આસપાસના વિસ્તારોને વરસાદના પ્રકોપનો સામનો કરવો પડ્યો હતો. વરસાદના કારણે ભૂસ્ખલન થતાં સત્તાવાળાઓને મહત્વપૂર્ણ મુંબઈ-પુણે એક્સપ્રેસવે બંધ કરવાની અને કેટલાક વિભાગોમાં રેલ્વે કામગીરી સ્થગિત કરવાની ફરજ પડી હતી. પુણે જિલ્લાના માવળ તાલુકાના પાટન ગામમાં ભૂસ્ખલનને કારણે એક ઘર દબાઈ જતાં બે લોકોના મોત થયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે, અન્ય એક વ્યક્તિનું પુણેના ખેડ તાલુકામાં પૂરના

...અનુસંધાન પાના 13 પર

### મિસિંગ લિંક ટનલ પહેલા જ ભારે વરસાદમાં બંધ થઇ ગઇ

જેની બહુ ચર્ચા થઇ હતી તે મુંબઇ-પુણે એક્સપ્રેસ-વેની મિસિંગ લિંક ટનલ પહેલા જ ભારે વરસાદમાં ફસકાઇ ગઇ હતી. ભેખડો ધસી પડતા આ ટનલના એક્ઝિટનો કેટલોક ભાગ તૂટી ગયો હતો અને આ ટનલ બંધ કરી દેવી પડી હતી. મુંબઇ-પુણે એક્સપ્રેસ-વે પર રૂ. ૭૦૦૦ કરોડના ખર્ચે આ ટનલ ખંડાલા ઘાટને બાયપાસ કરવા માટે બનાવવામાં આવી હતી અને તેનું ઉદઘાટન આ વર્ષે પહેલી મેના રોજ કરવામાં આવ્યું હતું. એક ઇજનેરી ચમત્કાર તરીકે આ ટનલના ભારે વખાણ કરવામાં આવ્યા હતા પરંતુ તેના ઉદઘાટન પછીના પહેલા જ ભારે વરસાદમાં તેનો ફિયાસ્કો થઇ ગયો છે.



## ભારે વરસાદથી જમ્મુ-કાશમીરમાં ડોડા-કિશતવાડ હાઈવે બ્લોક

**વાહનો** કાદવમાં દટાયા, જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદ બાદ પૂરની સ્થિતિ

**જમ્મુ, તા. 6 (PTI).** રાતભર પડેલા અવિરત વરસાદને કારણે આવેલા અચાનક પૂરે સોમવારે ડોડા-કિશતવાડ હાઈવેને નુકસાન પહોંચાડ્યું હતું, જેના લીધે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો અને ડોડા અને કિશતવાડના પહાડી જિલ્લાઓમાં નિર્માણાધીન 540 મેગાવોટના ક્વાર હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટ નજીક કેટલાંય વાહનો દટાઈ ગયાં હતાં. અચાનક આવેલા પૂરને કારણે હાઈવે પર મોટા પ્રમાણમાં કાદવ, પથ્થરો અને કાટમાળ જમા થઈ ગયો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે, હાઈવેનો એક ભાગ ક્ષતિગ્રસ્ત થયો છે, જેના કારણે ટ્રાફિક સ્થગિત કરવાની ફરજ પડી હતી. પ્રેમ નગર ખાતે રોડની બાજુમાં પાર્ક કરેલા કેટલાંય વાહનો પૂરના

...અનુસંધાન પાના 13 પર

## પશ્ચિમ રેલવેની 20થી વધુ લાંબા અંતરની ટ્રેનો અટવાઈ

**ટ્રેનો** રદ થવા, રૂટ બદલાવા અને વિલંબ થવાને કારણે 40થી વધુ ટ્રેન સેવાઓ પ્રભાવિત

**મુંબઈ, તા. 6 (PTI).** ભારે વરસાદ અને ગંભીર જળબંબાકારને કારણે સોમવારે પશ્ચિમ રેલવેની કામગીરી ઠપ થઈ ગઈ હતી, જેના લીધે પાટા પાણીમાં ડૂબી જતાં મુંબઈ અને દક્ષિણ ગુજરાતના વિવિધ સ્ટેશનો પર ૨૦થી વધુ લાંબા અંતરની ટ્રેનો અટવાઈ ગઈ હતી. ટ્રેનો રદ થવા, રૂટ બદલાવા અને વિલંબ થવાને કારણે ૪૦થી વધુ ટ્રેન સેવાઓ પ્રભાવિત થઈ હોવાથી રેલવે સત્તાવાળાઓ અટવાયેલા મુસાફરોને મદદ કરવા માટે દોડધામ કરી રહ્યા હતા અને મુંબઈ-અમદાવાદ ટ્રંક રૂટ પર ફરીથી સંપર્ક શરૂ કરવા માટે કામ કરી રહ્યા હતા.

પશ્ચિમ રેલવેના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ખાસ કરીને વસઈ રોડ-વિરાર અને સફાળે-પાલઘર સેક્શન વચ્ચે પાણી ભરાઈ જવાને કારણે ટ્રેન સેવાઓ ગંભીર રીતે અવરોધાઈ હતી. બપોરે ૧.૫૦ વાગ્યા સુધીમાં વિરાર, વાણગાંવ, પાલઘર, દહાણુ રોડ અને વલસાડ

...અનુસંધાન પાના 13 પર





મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં કર્જત અને લોનાવાલા વચ્ચે ભોર ઘાટ સેક્શનમાં ભૂસ્ખલન બાદ રેલવે ટ્રેક પર જમા થયેલો કાટમાળ; જેના કારણે મુંબઈ-પુણે રેલ સેવાઓ ગંભીર રીતે ખોરવાઈ ગઈ હતી

## જુલાઈના પ્રથમ સપ્તાહમાં સામાન્ય કરતાં ૧૧% વધુ વરસાદ

**INSAT**-3DS સેટેલાઇટ ચિત્રોમાં ગાઢ વાદળોની ચાદર

**નવી દિલ્હી, તા. 6:** ધીમી અને અનિયમિત શરૂઆત બાદ દક્ષિણ-પશ્ચિમ ચોમાસાએ જોરદાર વાપસી કરી છે, જેના કારણે જુલાઈના પ્રથમ સપ્તાહમાં ભારતમાં સરેરાશ કરતાં 11% વધુ વરસાદ નોંધાયો છે. ભારતીય હવામાન વિભાગ (IMD)ના તાજા આંકડા મુજબ, 1થી 6 જુલાઈ દરમિયાન સામાન્ય 48 મીમીની સામે 53.3 મીમી વરસાદ પડ્યો છે.

ઈસરોના ઈન્સેટ-3ડીએસ (INSAT-3DS) સેટેલાઈટ ચિત્રો દર્શાવે છે કે ગાઢ વાદળોએ સમગ્ર દેશને ઘેરી લીધો છે.

હવામાન વિજ્ઞાનીઓના જણાવ્યા અનુસાર, બંગાળની ખાડીમાં સર્જાયેલા ડિપ્રેશન અને પશ્ચિમ ભારત પર સક્રિય સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે ચોમાસું ફરી સક્રિય થયું છે. આગામી 36થી 48 કલાકમાં ઓડિશા, છત્તીસગઢ અને પૂર્વીય મધ્યપ્રદેશમાં અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. મુંબઈ અને કોંકણ દરિયાકાંઠે પણ બપોર પછી

...અનુસંધાન પાના 13 પર

## દેશના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ

**કાશ્મીર,** હિમાચલમાં ઘોડાપૂર, સૌથી વધુ અસર મહારાષ્ટ્રમાં, ઓડિશામાં પણ ભારે વરસાદ

**હિમાચલ** અને કાશ્મીરમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાનઃ હિમાચલમાં ભૂપ્રપાતમાં એક બાળકીનું મોત

**125.853** mmવરસાદ પડ્યો નહીં પરંતુ ભેજને કારણે ભારે બફારો



શિમલામાં ભારે વરસાદ બાદ ઝાડ પડવાને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા વાહનો

**નવી દિલ્હી, 5 (PTI):** દેશભરમાં સોમવારે ચોમાસાએ ભારે તબાહી મચાવી છે, જેમાં મહારાષ્ટ્ર અને હિમાચલ પ્રદેશમાં લોકોએ જીવ ગુમાવ્યા છે, રેલવે, માર્ગ અને હવાઈ સેવાઓ ખોરવાઇ ગઈ છે, જમ્મુ-કાશ્મીરમાં પૂર અને ભૂસ્ખલનની સ્થિતિ સર્જાઈ છે, અને ઓડિશાના શહેરો પાણીમાં ગરકાવ થઇ ગયા છે. આ પરિસ્થિતિને જોતા કેટલાય રાજ્યોમાં વહીવટીતંત્રે ઈમરજન્સી પગલાં ઝડપી બનાવ્યા છે.

મહારાષ્ટ્રમાં સૌથી વધુ માઠી અસર જોવા મળી છે, જ્યાં પુણેમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં વધુ ત્રણ લોકોના મોત થતાં છેલ્લા ત્રણ-ચાર દિવસમાં રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૧૩ પર પહોંચી ગયો છે. હિમાચલ પ્રદેશમાં સોમવારે પહાડ પરથી પથ્થર પડવાની ઘટનામાં એક ૧૪ વર્ષની સગીરાનું મોત નીપજ્યું હતું. બીજી તરફ, દિલ્હીમાં મોટેભાગે કોરો માહોલ રહ્યો હતો, પરંતુ અતિશય ભેજવાળા હવામાનને કારણે રહેવાસીઓ હેરાન-પરેશાન થઈ

...અનુસંધાન પાના 13 પર

### હવામાન

તા. ૦૬-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો ૧૩૦ મીમી | મોસમનો ૩૯૦.૦ મીમી |
| ઉકાઇ | સપાટી આજની ૩૧૦.૮૭ ફૂટ | આઉટફ્લો ૮૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૧.૪ સે. | ૨૫.૬ સે. | ૯૮% |

## મુંબઇ-પૂણે વચ્ચે વાહન વ્યવહાર સ્થગિત

**પૂણે-મુંબઇ એક્સપ્રેસ-વે અને જૂના હાઇવે - બંને પર વાહન વ્યવહાર બંધ કરી દેવાયો**

**પુણે/મુંબઈ.** ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનને કારણે સોમવારે પુણે-મુંબઈ એક્સપ્રેસવે અને જૂના પુણે-મુંબઈ હાઈવે બંને પર વાહનવ્યવહાર સ્થગિત કરી દેવામાં આવ્યો છે, તેમ પોલીસે જણાવ્યું હતું. સત્તાવાળાઓએ સુરક્ષાની ચિંતાઓને ટાંકીને આગામી આદેશો સુધી નાગરિકોને પુણે અને મુંબઈ વચ્ચે મુસાફરી કરવાનું ટાળવા અપીલ કરી છે. એક જાહેર એડવાઈઝરીમાં પોલીસે જણાવ્યું હતું કે પુણે-મુંબઈ એક્સપ્રેસવે અને જૂના હાઈવે પર બંને તરફનો વાહનવ્યવહાર આગળની સૂચના સુધી બંધ કરી દેવામાં આવ્યો છે. એડવાઈઝરીમાં જણાવાયું છે કે, “નાગરિકોને વિનંતી છે કે જ્યાં સુધી આગળની સૂચનાઓ જારી કરવામાં ન આવે ત્યાં સુધી પુણે અને મુંબઈ વચ્ચે કોઈપણ મુસાફરી ન કરે. જેઓ મુસાફરી કરવાનું આયોજન કરી રહ્યા છે તેઓને તેમની મુસાફરી મોકૂફ રાખવા અને સરકારી એજન્સીઓ દ્વારા જારી કરવામાં આવતી ટ્રાફિક એડવાઈઝરી તેમજ અપડેટ્સનું પાલન કરવા સલાહ આપવામાં આવે છે.” પોલીસે જણાવ્યું કે માવલ અને તામિહણી ઘાટના કેટલાક ભાગોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે, જેના કારણે પુણે અને મુંબઈને જોડતા વૈકલ્પિક માર્ગો પ્રભાવિત થયા છે.

## મુંબઇ-ગોવા હાઈવે પર ભારે વરસાદથી પૂર

**મુંબઈ.** મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં ભારે વરસાદને કારણે વ્યસ્ત મુંબઈ-ગોવા હાઈવે પર ગંભીર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી, જેના લીધે થોડા કલાકો માટે વાહનવ્યવહાર થંભી ગયો હતો અને હજારો મુસાફરો અટવાઈ પડ્યા હતા. એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું. નાગોઠાણે નજીક સુકેલી ઘાટ પાસે હાઈવે પર પૂરના પાણી ભરાઈ ગયા હતા, જ્યાં પાણીનું સ્તર લગભગ ત્રણ ફૂટ સુધી વધી ગયું હતું, જેને કારણે રવિવારે વાહનોની અવરજવર અટકી ગઈ હતી. આ જળબંબાકારને કારણે હાઈવેની બંને બાજુએ ૮થી ૧૦ કિલોમીટર સુધી વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. સોમવારે વાહનવ્યવહાર શરૂ થયો હતો, પરંતુ શનિવાર રાતથી સતત પડી રહેલા વરસાદને કારણે નાગોઠાણે-વાકણ પટ્ટા પર પૂર જેવી સ્થિતિ સર્જાતા વાહનોની ગતિ ધીમી હતી. ભારતીય હવામાન વિભાગે આગામી બે દિવસ માટે રાયગઢ જિલ્લા માટે ‘રેડ’ એલર્ટ જાહેર કર્યું છે. કારણ કે, ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે.

## મુંબઇમાં ચાલુ રહેલો ભારે વરસાદ

**પવનની** ગતિ કલાકના ૯૦ કિમી સુધી પહોંચી ગઇ, શહેરમાં વૃક્ષો/ડાળીઓ પડવાની 291 ઘટનાઓ

**પાલઘરમાં** ભારે વરસાદથી ટ્રેન વ્યવહારને અસરઃ મુંબઇ એરપોર્ટ પર આવતી અનેક ફ્લાઇટો ડાઇવર્ટ કરાઇ

**મુંબઈ, 6 (PTI):** ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા સોમવારે મુંબઈ, થાણે અને રાયગઢ જિલ્લાઓ માટે ‘રેડ’ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે ભારેથી અતિ ભારે વરસાદની સાથે તેજ પવન ફૂંકાવાની આગાહી કરી છે અને લોકોને બિનજરૂરી મુસાફરી ટાળવા અપીલ કરી છે.

મુંબઈમાં પૂર્વસાવચેતી તરીકે આજે સોમવારે શાળા-કોલેજો બંધ

...અનુસંધાન પાના 13 પર



### મુંબઇમાં અર્ધ-સરકારી કચેરીઓમાં અડધા દિવસની રજા

**મુંબઈ.** સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એસડીએમએ)એ સોમવારે ભારે વરસાદને ધ્યાનમાં રાખીને મુંબઈની ખાનગી ઓફિસોને કર્મચારીઓને ઘરેથી કામ કરવા (વર્ક ફ્રોમ હોમ) દેવાની સલાહ આપી છે અને બિન-જરૂરી તેમજ અર્ધ-સરકારી કચેરીઓ માટે અડધા દિવસની રજા જાહેર કરી છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. એસડીએમએ દ્વારા એક્સ પર જારી કરવામાં આવેલી એડવાઇઝરી અનુસાર, ખાનગી સંસ્થાઓને જ્યાં શક્ય હોય ત્યાં કર્મચારીઓને ઘરેથી કામ કરવાની મંજૂરી આપવા માટે કહેવામાં આવ્યું છે, જ્યારે સરકારી અને અર્ધ-સરકારી કચેરીઓના કર્મચારીઓને આવશ્યક સેવાઓમાં રોકાયેલા કર્મચારીઓ સિવાય, બપોર પછી અડધા દિવસની રજા આપવામાં આવી છે. સત્તાવાળાઓએ લોકોને

...અનુસંધાન પાના 13 પર